# વાઘ અને ત્રણ સાંઢ

— શંભુપ્રસાદ ભટ્ટ

એક જંગલ હતું. એમાં ત્રણ સાંઢ રહે. એ ત્રણ વચ્ચે ભાઈબંધી હતી. શરીરે જબરા હતા. ત્રણે જણ ભેગા ફરે અને ભેગા જ ચરે. કોઈ એમનું નામ લેવા જાય, કે તરત જ ત્રણે ભાઈબંધ એકઠા થઈ જાય. હુમલો કરનાર વાઘ જેવાને પણ શિંગડાં મારીને જોતજોતામાં ભગાડી મૂકે.

જંગલમાં મન ફાવે ત્યાં એ ત્રણે ભાઈબંધ ફરતા અને લીલું મઝાનું ઘાસ ચરતા. સૌ જાણતાં કે એમનું નામ લેવું ભારે પડે એવું છે.

એ જંગલમાં એક મોટો વાઘ રહેતો હતો. એ લુચ્ચો હતો. એણે ત્રણેને નજરમાં ઘાલી રાખ્યા હતા. પણ આ મજબૂત અને સંપીલા સાંઢ એના હાથમાં કેમ કરી સપડાય ? જ્યારે જુઓ ત્યારે ત્રણે સાથેના સાથે. એમના પર હુમલો પણ શી રીતે કરી શકાય ? વાઘ આમ રોજ કંઈક ઉપાય **શોધ્યા** કરતો હતો. પણ એમનામાં ફૂટ પડાવવાનો લાગ ફાવતો ન હતો.



એક દિવસ એ ત્રણમાંનો એક સાંઢ ચરતો ચરતો જરા દૂર નીકળી ગયો. પેલો વાઘ એક ઝાડની ઓથે લપાઈ રહ્યો હતો. એણે બહાર આવીને સાંઢને કહ્યું, ''ભાઈ, ઠીક થયું કે આજે તમે મને મળી ગયા. તમે તો આજે જ મન ફાવે ત્યાં ચરવા નીકળ્યા છો. પણ જાણો છો ? પેલા બે તો રોજ સરસ ઘાસ ચરે છે, અને લીલાલહેર કરે છે. તમે ઊંઘવા માંડો કે એ પોતપોતાના મનને ફાવે ત્યાં ચરવા નીકળી પડે છે. હું એમને રોજ જોઉં છું. એવા મતલબી ભાઈબંધો સાથે ફરવાથી શો લાભ ? તમારે પણ છૂટા પડીને મન ફાવે ત્યાં એકલા ચરવું જોઈએ.''

સાંઢ કહે, ''એમ વાત છે કે ? મને તો એ લુચ્ચાઈની કંઈ જ ખબર ન હતી. હું તો સાવ અજાણ્યો છું.'' એમ કહીને તરત જ એ બીજા સાંઢ તરફ દોડ્યો. શિંગડું વીંઝીને એમને કહે, ''તમારા જેવાની ભાઈબંધી શા કામની ? હું ઊંઘતો હોઉં ત્યારે તમે તો મન ફાવે એમ ચારો ચરો છો.''

પેલા બેએ એને ઘણો સમજાવ્યો, પણ શાનો માને! લુચ્ચા વાઘે એના કાનમાં પૂરેપૂરું ઝેર રેડ્યું હતું. બીજો સાંઢ કહે, ''તું મન ફાવે ત્યાં ચરવા એકલો ગયો હશે.''

ત્રીજો સાંઢ કહે, ''ના, તું ગયો હશે.'' એમ ત્રણે વચ્ચે ફૂટ પડી અને એમના મન ઊંચા થઈ ગયાં. એમની વચ્ચેની ભાઈબંધી તૂટી ગઈ.

ત્રણે જણા હવે વિખૂટા પડીને જંગલમાં ગમે તેમ ફરવા લાગ્યા અને મન ફાવે ત્યાં ચરવા લાગ્યા. એ જુદા પડીને એટલે દૂર નીકળી જતા કે એકબીજાના જોવામાં પણ આવતા નહીં.

પછી પેલા વાઘે એક પછી એક એમ ત્રણેને મારી નાખ્યા, અને એમને એ ખાઈ ગયો.

■